ક્રિ.કેસ નં.૬૦૧૯૫૦/૨૦૧૨

આંક–૧ લગત હુકમ :–

૧) સદર કામે ફરીયાદીએ આરોપી સામે કોન્ટ્રાકટ મજુર(નિયમન અને નાબુદી) ગુજરાત નિયમો–૧૯૭૨ હેઠળ ફરીયાદ દાખલ કરેલ છે અને આ કામે આરોપી સામે સમન્સ કાઢવાનો હુકમ થયેલ છે પરંતુ ના.સર્વોચ્ચ અદાલતે આર.આર.ચારી વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. તથા મકસુદ સૈયદ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત તેમજ તુકારામ વિરુધ્ધ કિશોરસીંગના કેસમાં સ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ માત્ર પ્રોસેસ કાઢવાનો હુકમ થયેલ હોય તો તેને મેજીસ્ટ્રેટે કોગ્નીઝન્સ લીધેલ છે તેવું કહી શકાય નહી અને મેજીસ્ટ્રેટે કોગ્નીઝન્સ લીધેલ છે તેવું ત્યારેજ કહી શકાય કે જયારે મેજીસ્ટ્રેટે જયુડીશીયલ માઈન્ડ એપ્લાય કરેલ હોય.

કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ–૧૯૭૦ ની કલમ–૨૭ જોતાં જયારે કહેવાતો ગુનો ઈન્સ્પેકટરના ધ્યાને આવે તેના ત્રણ માસમાં ફરીયાદ કરેલ હોય તે સિવાય કોઈ કોર્ટ કોગ્નિઝન્સ લઈ શકે નહી. હાલના કેસમાં ફરીયાદ જોતાં કહેવાતો ગુનો તા.૬–૩–૨૦૧૨ ના રોજ બનેલ હોવાનું કથન છે અને આ કામે ફરીયાદ જોતાં તા.૪–૭–૧૨ ના રોજ ફરીયાદ કરેલ છે તે જોતાં આ ફરીયાદ લીમીટેશન બાદ કરેલ હોવાનું જણાય છે અને તેથી હવે આ ફરીયાદ સંદર્ભે કોઈ કોગ્નિઝન્સ લઈ શકાય તેમ નથી અને ફરીયાદી વર્ષોથી હાજર રહેલ નથી તે સંજોગોમાં હવે આ ફરીયાદ આગળ ચાલુ રાખવી ન્યાયોચિત જણાતી નથી, જેથી આ ફરીયાદ કાઢી નાખવાનો હુકમ ફરમાવું છું.

અમદાવાદ. (એ.એ.વાયડા)

તા.૧૭–૩–૨૦૧૮. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૬,અમદાવાદ.

જીજે ૦૦૯૮૬